જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૨/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૬૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૩૦૨ લીટર દેશી દારૂ, ૧૪૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૬૦ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ ટ્રક કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૦૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૬૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૨૬૮/૨૦૨૬**

ઈસનપુરઃ મોહમ્મદખાલીદ જહીરુદ્દીન શેખ (ઉ.વ.૩૬)(રહે.જીતુ ભગત કપાઉન્ડ, ગલી નંબર–૧૧, ચોકીદાર બાવાની દરગાહ સામે, શાહઆલમ ઈસનપુર) એ તા.૨૦/૦૨/૨૦૨૬ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૨/૨૦૨૬ સાંજના ૬/૨૦ વાગ્યા થી રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ એ ભેગામળી શાહઆલમ ખેરૂવાલા કોમ્પ્લેક્ષ સામે રોડ ઉપર પાર્ક કરેલ મોહમ્મદખાલીદ શેખની બર્ગમેન સ્કુટરની ડેકી તોડી, ડેકીમાંથી રોકડ રૂપિયા ૪,૩૨,૮૦૦/– ચોરી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ.એસ.પઠાણ ચલાવે છે.

કારંજઃ મોહમદશફી ફારૂકભાઇ મિસ્ત્રી (ઉ.વ.૩૫) (રહે.પહેલો માળ દોલત ફલેટ બુખારાનો મહોલ્લો પારસી અગીયારી ખમાસા) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૨/૨૦૨૬ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન રિલીફરોડ આકાર કોમ્પેલેક્ષ દુકાન નંબર–૦૪ ખાતે આવેલ "પ્લેટીનયમ ગારમેન્ટ" નામની રેડીમેડ જેન્ટસ કપડાની ખુલ્લી દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ટેબલના ડ્રોવરમાંથી રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/– ચોરી કરી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ વી.ડી.ખાચર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૨૬૯/૨૦૨૬**

નિકોલઃ ગીતાબહેન વા/ઓ રાજેશભાઈ મિસ્ત્રી (ઉ.વ.૫૧)(રહે, અષ્ટવિનાયક આઈકોન, કે.પી.હાઈટ્સ પાછળ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૨/૨૦૨૬ સાંજના ૭/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાત ઉપર કેરોશીન છાંટી આગ લગાડી દેતા, શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને નિકોલ સેલ્બી હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૦૨/૨૦૨૬ સવારના ૬/૫૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયુ હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર.પટેલ ચલાવે છે.

ખોખરાઃ પરશીશ ડૉ/ઓ રમેશભાઇ સદગુણભાઇ ક્રિશ્ચયન (ઉ.વ.૪૮)(રહે.દ્વારકેશ બિલ્ડીંગ, જવાહર ચોક ચાર રસ્તા, મણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૨/૨૦૨૬ રાતના ૧૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ભુવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી